BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH
( Established vide Government of Gujarat Act No. 23/2015 )
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ
( ગુજરાત અધિનિયમ નં. ૨૩ / ૨૦૧૫ દ્વારા સંચાલિત )
Azadi Ka Amrit Mahotsav

## પરિપત્રઃ-

વિષયઃ ફાયર એન.ઓ.સી. બાબત. પીઆઈએલ ૧૧૮/૨૦૨૦, શ્રી અમીત પંચાલ વિરૂધ્ધ ગુજરાત રાજ્ય.
સંદર્ભઃ નાયબ નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગરનાં જા.નં.ISC-7/માહિતી/૨૦૨૨/E-mail, તા.૨૬/૦૫/૨૦૨૨.

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન સરકારી/ગ્રાન્ટ ઈન એઈડ તથા સ્વનિર્ભર કોલેજોનાં ટ્રસ્ટીશ્રીઓ/આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોનાં વડાશ્રીઓને જણાવવાનું કે, ઉક્ત સંદર્ભદર્શિત પત્ર અન્વયે ફાયર એન.ઓ.સી. અંતર્ગત પીઆઈએલ ૧૧૮/૨૦૨૦, શ્રી અમીત પંચાલ વિરૂધ્ધ ગુજરાત સરકાર બાબતે શહેરી વિકાસ અને ગૃહ નિર્માણ વિભાગના સામેલ તા.૦૫/૦૫/૨૦૨૨નો પત્ર અને સંલગ્ન તા.૦૪/૦૫/૨૦૨૨નાં એફિડેવીટ સબબની વિગતો મુજબ, નામદાર હાઈકોર્ટના તા.૦૪/૦૪/૨૦૨૨નાં ઓરલ ઓર્ડરથી આગામી મુદત તા.૧૪/૦૬/૨૦૨૨ પૂર્વે શાળા અને કોલેજોમાં ફાયર એન.ઓ.સી. મેળવેલ છે કે કેમ? જો ન મેળવેલ હોય તો ક્યાં સુધીમાં મેળવવામાં આવશે? તે બાબતે એફિડેવીટ રજૂ કરવા જણાવેલ છે.

ઉક્ત બાબતે તમામ કોલેજ/સંસ્થાઓ પાસેથી બાંહેધરી મેળવવી જરૂરી હોય, સામેલ નમૂનામાં આપની કોલેજ/સંસ્થાની બાંહેધરી દિવસ-૦૨માં એકેડેમિક વિભાગના ઈ-મેઈલ academicbknmu@gmail.com પર અચૂક મોકલી આપવા વિનંતી.

**નોંધઃ- નામદાર હાઈકોર્ટ મેટર હોય, ટોચ અગ્રતા આપવા વિનંતી.**

કા.કુલસચિવ

બિડાણઃ-
ઉપરોક્ત સંદર્ભ પત્રોની નકલ.

ક્રમાંક/બીકેએનએમયુ/એકેડેમિક/૬૦/૨૦૨૨
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્મેન્ટ પોલીટેકનિક કેમ્પસ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ, ખડીયા, જૂનાગઢ.
તા.૨૭/૦૫/૨૦૨૨

પ્રતિ,
- ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ/અનુસ્નાતક કેન્દ્રોનાં વડાશ્રીઓ તરફ....

<u>નકલ સાદર રવાનાઃ-</u>
(૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીનાં અંગત સચિવશ્રી.
<u>નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે:</u>
(૨) આઇ.ટી.સેલ વિભાગ (વેબસાઇટ ઉપર પ્રસિદ્ધ થવા અર્થે.)

સરકારી પોલિટેકનિક કેમ્પસ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ, ખડીયા,
જૂનાગઢ - ૩૬૨૨૬૩, ગુજરાત (ભારત),
ફોન નં. ૦૨૮૫ - ૨૬૮૧૪૦૦ ફેક્સ નં.૦૨૮૫-૨૬૮૧૫૦૩
Government Polytechnic Campus,
Bhakta Kavi Narsinh Mehta University Road
Khadiya, Junagadh - 362263 ( Gujarat )
Ph: 0285 - 2681400 fax : 0285 - 2681503
www.bknmu.edu.in info@bknmu.edu.in Bhakta Kavi Narsinh Mehta University Junagadh Bhakta Kavi Narsinh Mehta University Junagadh

ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી,
યુનિવર્સિટી શાખા, બ્લોક નં-૧૨, બીજો માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર-૩૮૨૦૧૦.

જા.નંબર : ISC-7/ માહિતી/૨૦૨૨/E-[illegible] ... તા.૨૬/૦૫/૨૦૨૨

પ્રતિ,
રજીસ્ટ્રારશ્રી,
તમામ સરકારી યુનિવર્સિટી,
ગુજરાત રાજ્ય.

વિષય : ફાયર એન.ઓ.સી.બાબત. પીઆઈએલ ૧૧૮/૨૦૨૦
શ્રી અમીત પંચાલ વિરૂદ્ધ ગુજરાત રાજ્ય
સંદર્ભઃ- શહેરી વિકાસ અને ગૃહ નિર્માણ વિભાગનો પત્ર ક્રમાંકઃ- અગન/૧૦૨૦૨૦/૩૩૯/લ૧(પાર્ટ-૧૦), તા.૦૫/૦૫/૨૦૨૨

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય અન્વયે જણાવાવવાનું કે, ફાયર એન.ઓ.સી.અંતર્ગત પીઆઈએલ ૧૧૮/૨૦૨૦ શ્રી અમીત પંચાલ વિરૂદ્ધ રાજ્ય સરકાર બાબતે શહેરી વિકાસ અને ગૃહ નિર્માણ વિભાગના સંદર્ભદર્શિત સામેલ તા.૦૫/૦૫/૨૦૨૨નો પત્ર અને સંલગ્ન તા.૦૪/૦૫/૨૦૨૨ના એફિડેવીટ સબબની વિગતો મુજબ, નામ.હાઈકોર્ટના તા.૦૪/૦૪/૨૦૨૨ના ઓરલ ઓર્ડરથી આગામી મુદ્દત તા.૧૪/૦૬/૨૦૨૨ પૂર્વે શાળા અને કોલેજોમાં ફાયર એન.ઓ.સી.મેળવેલ છે કે કેમ? જો ન મેળવેલ હોય તો ક્યાં સુધીમાં મેળવવામાં આવશે? તે બાબતે એફિડેવીટ રજૂ કરવા જણાવેલ છે.

પ્રસ્તુત બાબતે આ કચેરી દ્વાર એફિડેવીટ તૈયાર કર્યા પૂર્વે આ કચેરી હસ્તકની સંસ્થાઓ પાસેથી ઉકત બાબતે બાંહેધરી મેળવવી આવશ્યક હોઈ, સામેલ નમૂનામાં આપની યુનિવર્સિટીની બાંહિધરી તથા આ સાથે સામેલ પત્રક મુજબની માહિતી ઈ-મેલ che.university@gmail.com પર દિન-૩ માં અચૂક મોકલી આપવા વિંનતી છે.

નાયબ નિયામક
ઉચ્ચ શિક્ષણ કમિશનરનીકચેરી,
ગુ.રા.,ગાંધીનગર

શ્રેયાન અધિક્ષક ઈ-મેઈલ : ssuniversity-che@gujgov.edu.in Phone : 079 23254022
નાયબ નિયામક ઈ-મેઈલ : dduniversity-che@gujgov.edu.in Phone : 079 2325399

Scanned with Oken Scanner

### બાંહેધરી (જે કોલેજોએ ફાયર એન.ઓ.સી. મેળવેલ છે)

ફાયર એન.ઓ.સી. અંતર્ગત પીઆઈએલ ૧૧૮/૨૦૨૦ શ્રી અમીત પંચાલ વિરૂધ્ધ રાજ્ય સરકાર બાબતે નામ. હાઈકોર્ટના તા.૦૪/૦૪/૨૦૨૨ના ઓરલ ઓર્ડર અને શહેરી વિકાસ અને ગૃહ નિર્માણ વિભાગના તા.૦૫/૦૫/૨૦૨૨ના પત્રની વિગતો ધ્યાને લઈને જણાવવામાં આવે છે કે, ................................... કોલેજ ખાતે તા. ........... ના રોજ ફાયર એન.ઓ.સી. મેળવવામાં આવેલ છે, જે બદલ આ બાંહેધરી આપવામાં આવે છે.

સ્થળ:-

તારીખ:- /૦૫/૨૦૨૨

સંસ્થાના વડાની સહી/સિક્કો

### બાંહેધરી (જે કોલેજોએ ફાયર એન.ઓ.સી. મેળવેલ નથી.)

ફાયર એન.ઓ.સી. અંતર્ગત પીઆઈએલ ૧૧૮/૨૦૨૦ શ્રી અમીત પંચાલ વિરૂધ્ધ રાજ્ય સરકાર બાબતે નામ. હાઈકોર્ટના તા.૦૪/૦૪/૨૦૨૨ના ઓરલ ઓર્ડર અને શહેરી વિકાસ અને ગૃહ નિર્માણ વિભાગના તા.૦૫/૦૫/૨૦૨૨ના પત્રની વિગતો ધ્યાને લઈને જણાવવામાં આવે છે કે, ................................... કોલેજ ખાતે તા. ............ સુધીમાં ફાયર એન.ઓ.સી. મેળવવામાં આવશે, જે બદલ આ બાંહેધરી આપવામાં આવે છે.

સ્થળ:-

તારીખ:- /૦૫/૨૦૨૨

સંસ્થાના વડાની સહી/સિક્કો

Scanned with Oken Scanner

ગુજરાત હાઈકોર્ટ મેટર
તાત્કાલિક/સમયમર્યાદા
આગામી સુનાવણી:-
તા.14/06/2022

ક્રમાંક: અગન-૧૦૨૦૨૦-૩૩૯-લ૧(પાર્ટ-૧૦)
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ
બ્લોક નં. ૧૪, ૭ મો માળ,
સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર.
તા.૦૫/૦૫/૨૦૨૨

પ્રતિ,
અગ્ર સચિવશ્રી
શિક્ષણ વિભાગ,
બ્લોક નં. ૫, ૭મો માળ સરદાર ભવન,
સચિવાલય, ગાંધીનગર.

PRO
Discuss
7/5

ફાયર એન.ઓ.સી.
વિષય:પીઆઈએલ ૧૧૮/૨૦૨૦
અમીત પંચાલ
વિ.
ગુજરાત રાજ્ય અને અન્ય

શ્રીમાન,

અરજદારશ્રી અમીત મણીલાલ પંચાલ દ્વારા રાજ્ય સરકારશ્રી તથા અન્ય વિરુદ્ધ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં દાખલ કરેલ રીટ પીટીશન (પીઆઈએલ) નં. ૧૧૮/૨૦૨૦માં નામદાર હાઈકોર્ટના તા.૦૪/૦૪/૨૦૨૨ના ઓરલ ઓર્ડરની નકલ આ સાથે સામેલ રાખીને મોકલવામાં આવે છે.

૨. પ્રસ્તુત ઓરલ ઓર્ડર અન્વયે સરકારશ્રી વતી આ વિભાગ દ્વારા તા.૦૪/૦૫/૨૦૨૨ના રોજ ફર્ધર એફીડેવીટ ફાઈલ કરવામાં આવેલ છે, જેની નકલ આ સાથે આજ્ઞાનુસાર સામેલ કરેલ છે.

૩. નામદાર હાઈકોર્ટે ઓરલ ઓર્ડરમાં ફકરા-૧૭માં નામદાર હાઈકોર્ટે નીચે મુજબ આદેશ આપેલ છે.

We direct the State Government to place on record, by next date of hearing, the number of schools and colleges belonging to Government, District-wise and said affidavit shall disclose as to whether they would fall under the compliance category or otherwise and if not, time frame within which they would be made to fall within the compliance category.

ફાયર, ગ્રામ વિદ્યાપીઠ, સંશોધન સંસ્થાઓ

Scanned with Oken Scanner

૪. ઉક્ત વિગતે માંગ્યા મુજબની માહિતી તાત્કાલિક મોકલી આપવા આજ્ઞાનુસાર વિનંતી છે. પ્રસ્તુત મેટરની હવે પછીની સુનાવણી તા. ૧૪/૦૬/૨૦૨૨ના રોજ નિયત થયેલ હોઈ આ બાબતને ટોચ અગ્રતા આપીને માંગ્યા મુજબની કાર્યવાહી કરવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ,

બિડાણ:- ઉપર મુજબ.

(આર.એચ.વસાવા)
સંયુક્ત સચિવ
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ

Scanned with Oken Scanner

सत्यमेव जयते

**WE SERVE TO SAVE**

રાજ્ય અગ્નિ નિવારણ સેવાઓની કચેરી

બ્લોક નં.૧૩, ત્રીજો માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર-૩૮૨૦૧૦.

ઈ-મેલ: dir.sfps@gmail.com, ટેલિફોન નં.૦૭૯-૨૩૨-૫૭૦૨૨/૨૩/૪૦.

ક્રમાંક: સફસ/ફન- ૮૫.૧૬૪૮ /૨૦૨૧ તા.૦૫/૦૬/૨૦૨૧

વિષય:- ફાયર સેફ્ટી સર્ટિફિકેટ ઈશ્યુ કરવા બાબત સ્પષ્ટતા થવા બાબત.

<u>પરિપત્ર:-</u>

સરકારશ્રી દ્વારા ગુજરાત અગ્નિ નિવારણ અને જીવન સુરક્ષા ઉપાય વિષયક (સુધારા) નિયમો, ૨૦૨૧ ની ત્રીજી અનુસૂચિ મુજબનાં બિલ્ડીંગો માટે નિયમ -૨૩(૧) ની જોગવાઈ મુજબ ફાયર સેફ્ટી સર્ટીફિકેટ (ફાયર NOC) ઈશ્યુ કરવાની જોગવાઈ થયેલી છે. વખતોવખત રાજયના રીજીયનલ ફાયર ઓફીસર/ચીફ ફાયર ઓફીસર સાથે મીટીંગો દરમ્યાન ક્ષેત્રિય કક્ષાએ કામગીરી દરમ્યાન ફાયર NOC ઈશ્યુ કરવા મામલે અમૂક મુશ્કેલીઓ અનુભવાય છે. જેથી આ બાબતે સ્પષ્ટતા કરવી જરૂરી બને છે.

શૈક્ષણિક સંસ્થાઓનાં કિસ્સામાં જે ગુજરાત અગ્નિ નિવારણ અને જીવન સુરક્ષા ઉપાય વિષયક(સુધારા) નિયમો, ૨૦૨૧ ની ત્રીજી અનુસુચીમાં જણાવ્યાનુંસાર ૯ મી ઉંચાઇ અને/ અથવા ૫૦૦ચો.મી. કોઈ એક કે વધુ માળનાં ક્ષેત્રફળેથી ઓછાં ઉંચાઇ/ક્ષેત્રફળનાં કિસ્સામાં શૈક્ષણિક સંસ્થા દ્વારા ફાયર સેફ્ટી સર્ટીફિકેટ લેવાની જોગવાઇ સંદર્ભે વિશેષ સ્પષ્ટતા કરતા જણાવવાનું કે, જે શૈક્ષણિક સંસ્થા ૯ મીટર કે તેથી વધુ ઉંચાઇ ધરાવતી હોય તેમજ એમા જો બેઝમેન્ટ હોય તો એનું ક્ષેત્રફળ ૨૦૦ ચો.મીથી વધુ હોય તેવા કિસ્સામાં જ સંબંધિત ફાયર અધિકારી પાસેથી જ ફાયર સેફ્ટી સર્ટીફિકેટ નિયમોનુસાર મેળવવાનું રહે છે. આ સિવાયના કિસ્સાઓમાં કે જેમાં શૈક્ષણિક સંસ્થા કે જેની ઉંચાઇ ૯ મીટરથી ઓછી હોય તેવા કિસ્સામાં ફ્લોર એરિયા ધ્યાને લીધા સિવાય એવી શૈક્ષણિક સંસ્થાનાં સંચાલકે ફાયર-સેફ્ટી અંગેની જરૂરી વ્યવસ્થા શૈક્ષણિક સંસ્થા દ્વારા કરી એ મતલબનું સેલ્ફ સર્ટીફીકેશન કરી એવું સર્ટીફીકેટ મંજૂરી આપનાર ઓથોરીટીને મોકલી આપવાનું રહેશે. આ ૯ (નવ) મીટરથી ઓછી ઉંચાઇ વાળી તમામ પ્રકારની શૈક્ષણિક સંસ્થાઓ માટે આ સાથે સામેલ ચેક લીસ્ટ મુજબની વ્યવસ્થા કરી શૈક્ષણિક સંસ્થાનાં સંચાલકે પ્રમાણપત્ર સહ શૈક્ષણિક સંસ્થાને મંજુરી આપનાર

Scanned with Oken Scanner

ઓથોરીટીને મોકલી આપવાની રહે છે. દરેક જીલ્લામાં શિક્ષણ વિભાગનાં નિરિક્ષકશ્રી કે અન્ય અધિકૃત અધિકારી દ્વારા પણ આ ચેક લીસ્ટ મુજબ વખતો-વખત ચકાસણી કરવાની રહેશે.

નિયામક

રાજ્ય અગ્નિ નિવારણ સેવાઓ,

ગાંધીનગર.

નકલ સવિનય રવાના-

1. અધિક મુખ્ય સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગર.
2. અગ્ર સચિવશ્રી, શિક્ષણ વિભાગ, ગાંધીનગર.
3. સચિવશ્રી, શિક્ષણ વિભાગ, ગાંધીનગર.
4. ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી, ગાંધીનગર.
5. કમિશ્નરશ્રી(શૈક્ષણિક સંસ્થાઓ), ગાંધીનગર.
6. પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી, ગાંધીનગર.
7. નિયામકશ્રી, ટેકનિકલ શિક્ષણની કચેરી, ગાંધીનગર.
8. કમિશ્નરશ્રી, મ્યુનિસિપાલીટીઝ એડમીનીસ્ટ્રેશનની કચેરી, ગાંધીનગર.
9. કમિશ્નરશ્રી, મહાનગરપાલીકા- અમદાવાદ, ગાંધીનગર, સુરત, વડોદરા, રાજકોટ, જામનગર, જુનાગઢ, ભાવનગર.
10. રીજીયોનલ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, અમદાવાદ, ગાંધીનગર, ભાવનગર, સુરત, વડોદરા, રાજકોટ.

નકલ રવાના:-

1. જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી, તમામ.
2. રીજીયોનલ ફાયર ઓફિસરશ્રી, વડોદરા, ગાંધીધામ, રાજકોટ, ગાંધીંગર, સુરત.
3. ચીફ ફાયર ઓફિસરશ્રી, મહાનગરપાલિકા- અમદાવાદ, ગાંધીનગર, સુરત, વડોદરા, રાજકોટ, જામનગર, જુનાગઢ, ભાવનગર.

Scanned with Oken Scanner

ચેક લીસ્ટ

## ૯ મીટર કે ૯ મીટર કરતા ઓછી ઉંચાઈ ધરાવતી શૈક્ષણીક સંસ્થાઓ ની ઈમારતોમાં લઘુતમ ફાયર સેફ્ટીની સુવિધા કરવા બાબત.

૧. જે માત્ર ગ્રાઉન્ડ ફ્લોર ધરાવતી શૈક્ષણીક ઈમારતો

| ક્રમ નં | ટાઈપ ઓફ ફાયર પ્રોટેક્શન | જરૂરીયાત |
|---|---|---|
| ૧ | ફાયર એક્સ્ટીંગ્યુશર | દરેક માળ ઉપર બે નંગ(દરેક ૧૦૦૦ ચો.મી.માં) જેમાં ૧ – 4.5 k.g. Type $CO_2$ Fire Extinguishers, ૨ - 6 k.g. ABC Type Fire Extinguishers |

૨. જે માત્ર ૯ મીટરથી ઓછી ઉંચાઈ ધરાવતી હોય તેવી ગ્રાઉન્ડ ફ્લોર + પ્રથમ માળ અને ગ્રાઉન્ડ + પ્રથમ + બીજો માળ ધરાવતી શૈક્ષણીક ઈમારતો.

| ક્રમ નં | ટાઈપ ઓફ ફાયર પ્રોટેક્શન | જરૂરીયાત |
|---|---|---|
| ૧ | ફાયર એક્સ્ટીંગ્યુશર | દરેક માળ ઉપર બે નંગ(દરેક ૧૦૦૦ ચો.મી.માં) જેમાં ૧ – 4.5 k.g. Type $CO_2$ Fire Extinguishers, ૨ - 6 k.g. ABC Type Fire Extinguishers |
| ૨ | હોઝ-રીલ હોઝ એસમ્બલી | દરેક માળે ૧૦૦૦ ચો.મી. વિસ્તારે એક પ્રમાણે |
| ૩ | પાણીની ટાંકી(ટેરેસ લેવલ) | ૧૦૦૦૦ લિટર |
| ૪ | ફાયર પમ્પ(ટેરેસ લેવલ) | ૪૫૦ એલ.પી.એમ. કેપેસીટી નો ઈલેક્ટ્રીક પમ્પ |

Scanned with Oken Scanner